જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૬/૦૫/૨૦૧૯ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૮૪૭/૧૯

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૯ કેસ કરી, ૪૭ વ્યક્તિઓને ઝડપી, ૩૨૫ લીટર દેશી દારૂ, ૨૮ બોટલ ઇંગ્લીશ દારૂ અને ૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૯ કેસ કરી ૧૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૩૪,૬૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૮૪૮/૧૯

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૮૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૮૪૯/૧૯

**ઈસનપુરઃ** અમરસિંહ સીતારામ બ્રહ્મભટ્ટ (રહે. રામોલ રેસીડેન્સી અદાણી સર્કલ પાસે રીંગ રોડ રામોલ) એ ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૯/૫/૧૯ બપોરના ૨/૦૦ થી તા.૧૫/૫/૧૯ કલાક ૮/૦૦ વાગ્યા દરમ્યાન ઇસનપુર સરદાર પટેલ સ્કુલ પાસે શીવમ બંગ્લોઝ ખાતે પોતાના મકાનની લોખંડની ગ્રીલના સળીયા તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાની બુટ્ટી કિમત રૂપિયા ૫,૦૦૦/-, રોકડ રૂપિયા ૧,૭૨,૦૦૦/-, મળી કુલ રૂપિયા ૧,૭૭,૦૦૦/- મત્તાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.આર.ગળચર ચલાવે છે.

## સોનાનો દોરો ખેચી ઝુટવી લઈ ગયોઃ- સમાચાર યાદી નં.૮૫૦/૧૯

**રિવરફ્રંટ વેસ્ટઃ** કૃપાબહેન સુનિલકુમાર ખંભાતવાળા (ઉ.વ.૪૫) (રહે. સ્નેહ સેકુન એવન્યુ પુષ્પકુંજ સોસાયટી કાંકરીયા) તા.૧૫/૫/૧૯ કલાક ૮/૩૦ વાગ્યાના સુમારે રિવરફ્રંટ એલીસબ્રિજ પુલ નજીકથી એક્ટીવા ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે મોટર સાયકલ ઉપર આવેલ પુરૂષ કૃપાબહેનના ગળામાંથી સોનાનો દોરો કિમત રૂપિયા ૪૦,૦૦૦/-ખેચી તોડી ઝુટવી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ કૃપાબહેને રિવરફ્રંટ વેસ્ટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એમ.એ.સિંહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.